શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
આયુષ્યમાન કાર્ડ હેઠળ થતા ઓપરેશન
હરસ, મસા, વધરાવળ,
સારણગાંઠ, એપેન્ડિક્સ,
પિત્તાશયની પથરી,
સુન્નતનું ઓપરેશન,
કાન, નાક, ગળાની તમામ સર્જરી
કેશલેસ સુવિધા ઉપલબ્ધ
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


ડૉ. મુકુલ પટેલ
એમ.ડી. (એનો-રેક્ટલ) Ay; એફ.એ.એમ.એસ.
હરસ મસા ભગંદર ફીશર
મળમાર્ગના રોગોના નિષ્ણાત
- મળ ત્યાગ સમયે દુઃખાવો, બળતરા યા રક્ત સ્ત્રાવ થવો.
- મળમાર્ગની આસપાસ ગાંઠ યા ગડ જેવું થઈ તેમાથી વારંવાર રસી પરૂ આવવું યા દુઃખાવો થવો.
- મળ ત્યાગ વખતે ચિકાશ કે રસી-પરૂ આવવું.
- મળ ત્યાગ વખતે કંઈ ભાગ બહાર આવવો.

સ્વામિનારાયણ કોમ્પ્લેક્ષ, મજુરાગેટ ટ્રાફિક સર્કલ સામે, રીંગરોડ, સુરત.
સમય : ૧૦:૦૦ થી ૧:૦૦ ફોન : 2462626, 99044 05577

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ શ્રાવણ પૂનમ, શનિવાર ૯ ઓગસ્ટ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૨૩૬ પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# ભારત સાથે વેપાર મંત્રણા નહીં: ટ્રમ્પ

**ટેરિફનો** મુદ્દો ઉકેલાય નહીં ત્યાં સુધી મંત્રણા કરવા ટ્રમ્પની ના

**અમેરિકા** સાથે વચગાળાના વેપાર કરાર અંગેની મંત્રણાનો આગામી રાઉન્ડ ૨૫ ઓગસ્ટે યોજાનાર હતો તે યોજાવા સામે પ્રશ્નાર્થ



### ટેરિફના બખાળા ભારત સાથે ભાગીદારી મજબૂત બનાવવાની મહેનત પર પાણી ફેરવી દેશે: પીઢ અમેરિકી સાંસદ

ભારત પર ટેરિફો લાદવાના પ્રમુખ ટ્રમ્પના પગલાઓની ટીકા કરતા અમેરિકી પ્રતિનિધિગૃહના એક પીઢ ડેમોક્રેટ સભ્ય જ્યોર્જ મીક્સે કહ્યું છે કે ટ્રમ્પના નવીનતમ ટેરિફના બખાળાઓ અમેરિકા અને ભારત વચ્ચે એક વધુ મજબૂત ભાગીદારી સર્જવા માટે વર્ષોથી કરવામાં આવેલ કાળજીપૂર્વકની કામગીરી માટે જોખમ ઉભું કરે છે.

ન્યૂયોર્ક, વૉશિંગ્ટન, તા. ૮(પીટીઆઇ): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જ્યાં સુધી ટેરિફોનો મુદ્દો ઉકેલાઇ જાય નહીં ત્યાં સુધી ભારત સાથે વેપાર મંત્રણાઓની શક્યતાઓ નકારી કાઢી છે.

ના, અમે તે ઉકેલી નાખીએ નહીં ત્યાં સુધી નહીં એમ ટ્રમ્પે ઓવલ ઓફિસમાં એ પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે તેઓ ભારત સાથે વેપાર મંત્રણા વધવાની અપેક્ષા રાખે છે કે કેમ? જ્યારે તેમણે તે દેશ પર ૫૦ ટકા ટેરિફ જાહેર કર્યા છે. ગયા સપ્તાહે, ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત કરી હતી જે ૭ ઓગસ્ટથી અમલમાં આવશે. આ ઉપરાંત રશિયા પાસેથી ઓઇલ ખરીદવા બદલ ભારત પર વધારાના ૨૫ ટકા ટેરિફ લાગુ પાડતા એક કારોબારી આદેશ પર પણ અમેરિકી પ્રમુખે હસ્તાક્ષર કર્યા હતા. આ વધારાના ટેરિફ ૨૧ દિવસ પછી અથવા ૨૭ ઓગસ્ટથી અમલમાં આવશે.

ટેરિફનો પ્રતિસાદ આપતા ભારતના વિદેશ મંત્રાલયે તેમને ગેરવાજબી અને અન્યાયી ગણાવ્યા હતા. કોઈપણ મોટા અર્થતંત્રની જેમ, ભારત પણ તેના રાષ્ટ્રીય હિતો અને આર્થિક સુરક્ષાનું રક્ષણ કરવા માટે તમામ જરૂરી પગલાં લેશ એમ તેણે જણાવ્યું હતું. ભારત અને અમેરિકા વચ્ચેની વર્તમાન પરિસ્થિતિ અંગે, પ્રખ્યાત ભારતીય-અમેરિકન વકીલ રવિ બત્રાએ કહ્યું કે ઘણું બધું દાવ પર છે. તેમણે એ બાબતને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી કે રશિયન પ્રમુખ પુટિને ટ્રમ્પ ઈચ્છતા હતા તે રીતે યુક્રેન સાથે યુદ્ધ વિરામ સ્વીકાર્યો નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ભારત અને અમેરિકા વચ્ચે એક વચગાળાના વેપાર કરાર કરવા માટે મંત્રણાઓનો દોર ચાલી રહ્યો હતો. મંત્રણાનો આગામી રાઉન્ડ દિલ્હીમાં ૨૫મી ઓગસ્ટે યોજાનાર હતો.

## ભારત પર વધારાની ડ્યુટી લાદવી તે રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો છે: વ્હાઇટ હાઉસના વેપાર સલાહકાર

**ભારત** રશિયન તેલ ખરીદવા માટે અમેરિકન ડોલરનો ઉપયોગ કરે છે, રશિયા તે અમેરિકન ડોલરનો ઉપયોગ તેના શસ્ત્રો માટે કરે છે

ન્યૂયોર્ક-વોશિંગ્ટન, તા. 8 (પીટીઆઇ): ભારત પર વધારાની 25 ટકા ડ્યુટી લાદવી એ 'રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો' છે જે નવી દિલ્હી દ્વારા રશિયન તેલ ખરીદવાનું બંધ કરવાનો સંપૂર્ણ ઇનકાર સાથે સંબંધિત છે, એમ વ્હાઇટ હાઉસના વેપાર સલાહકાર પીટર નાવારોએ જણાવ્યું છે.

ગયા અઠવાડિયે, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર 25 ટકા પારસ્પરિક ટેરિફની જાહેરાત કરી હતી જે 7 ઓગસ્ટથી અમલમાં આવ્યો હતો.

અમેરિકી પ્રમુખે બુધવારે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર પણ હસ્તાક્ષર કર્યા હતા જેમાં નવી દિલ્હી દ્વારા રશિયન તેલની ખરીદી પર ભારત પર વધારાનો 25 ટકા ટેરિફ લાદવામાં આવ્યો હતો, જેનાથી કુલ ડ્યુટી 50 ટકા થઈ હતી, જે વિશ્વના કોઈપણ દેશ પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલી સૌથી વધુ ડ્યુટી છે. નાવારોએ બુધવારે વ્હાઇટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતા કહ્યું હતું કે એ સમજવું મહત્વપૂર્ણ છે કે 'ભારત પર ટેરિફ માટેનો તર્ક પારસ્પરિક ટેરિફથી ખૂબ જ અલગ છે.'

'તમે એ હકીકતથી શરૂઆત કરો છો કે ભારત ટેરિફનો 'મહારાજા' છે, તે અમેરિકન ઉત્પાદનો પર વિશ્વમાં સૌથી વધુ ટેરિફ વસૂલ કરે છે જેના કારણે આપણે આપણા ઉત્પાદનો ભારતમાં મોકલી શકતા નથી', એમ તેમણે કહ્યું.

તેમણે દાવો કર્યો કે અમેરિકા 'અયોગ્ય વેપાર વાતાવરણ'માં તેમના ઉત્પાદનો ખરીદવા માટે ઘણા ડોલર ભારતમાં મોકલે છે.

'ભારત પછી રશિયન તેલ

...અનુસંધાન પાના 11 પર



## ચીનમાં ભારે વરસાદ અને પૂર, 17નાં મોત 33 ગુમ

**યુઝોંગના** અનેક વિસ્તારો ગંભીર રીતે પ્રભાવિત થયા

**ધોધમાર** વરસાદથી અનેક ઘરો અને વાહનોને પણ નુકસાન થયું

બીજિંગ, તા. 8 (પીટીઆઇ): ચીનમાં છેલ્લા 48 કલાકમાં વરસાદ અને ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા 17 લોકોના મોત થયાં હતાં અને 33 લોકો ગુમ થયાં છે, એમ સરકારી મીડિયાએ શુક્રવારે જણાવ્યું હતું.

ગુરુવારે ઉત્તરપશ્ચિમ ગાંસુ પ્રાંતમાં આવેલા મૂશળધાર વરસાદ પછી પ્રમુખ શી જિનપિંગે શોધ અને બચાવ પ્રયાસો, પૂર નિવારણ અને આપત્તિ રાહત કાર્ય પૂરઝડપથી કરવા તાકીદ કરી છે, એમ સરકારી સમાચાર એજન્સીએ શુક્રવારે અહેવાલ આપ્યો હતો.

ગાંસુ પ્રાંતના યુઝોંગ કાઉન્ટીમાં અચાનક પૂર આવતા ઓછામાં ઓછા 10 લોકો માર્યા ગયા છે અને 33 લોકો ગુમ થયા છે, એમ અહેવાલમાં કહેવાયું હતું.

ગુરુવારથી ભારે વરસાદને કારણે લાન્ઝોઉ શહેર નજીકના પર્વતીય વિસ્તારોમાં અચાનક પૂર આવ્યું હતું અને ઓછામાં ઓછો ભેખડ ધસવાનો એક બનાવ બન્યો હતો.

ઝિંગલોંગ પર્વતીય વિસ્તારમાં ધોધમાર વરસાદને કારણે વીજળી અને ટેલિકોમ્યુનિકેશન સેવાઓ ઠપ થઈ ગઈ છે, જેના કારણે ચાર ગામોના 4,000થી વધુ લોકો ફસાયા છે.

બીજી એક ઘટનામાં, ચીનના

...અનુસંધાન પાના 11 પર

## સોનાની કિંમત રેકોર્ડ રૂ. 1,03,420 પ્રતિ 10 ગ્રામની સપાટી પર

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઇ): સ્ટોકિસ્ટો દ્વારા સતત ખરીદીને કારણે શુક્રવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ રૂ. 800 વધીને રૂ. 1,03,420 પ્રતિ 10 ગ્રામના નવી અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટી પર પહોંચ્યા હતા.

99.9 ટકા શુદ્ધતાવાળા સોનાના ભાવમાં રૂ. 3,600નો વધારો થયો હતો અને તે પ્રતિ 10 ગ્રામ રૂ. 1,02,620ની નવી ટોચ પર પહોંચ્યા હતા.

રાષ્ટ્રીય રાજધાનીમાં, 99.5 ટકા શુદ્ધતાવાળા સોનાના ભાવ પણ શુક્રવારે 800 રૂપિયા વધીને પ્રતિ 10 ગ્રામ રૂ. 1,03,000ની (બધા કર સહિત) નવી ટોચ પર પહોંચ્યા હતા, જે ગુરુવારના સત્ર પછી નોંધાયેલા તેના અગાઉના રૂ. 1,02,200 પ્રતિ 10 ગ્રામના ઉચ્ચતમ સ્તરને વટાવી ગયા હતા.

છેલ્લા પાંચ સત્રમાં, સોનાના ભાવ પ્રતિ 10 ગ્રામ રૂ. 5,800 વધીને પ્રતિ 10 ગ્રામ રૂ. 5,800 થયા છે.

'અમેરિકાએ સ્વિટ્ઝરલેન્ડથી આયાત થતા 1 કિલો અને 100 ઔંસના સોનાના બાર પર 39 ટકા ટેરિફ લાધા પછી સોનાની કિંમતોમાં વધારો થયો છે, અમેરિકાના આ પગલાંના કારણે મુખ્ય પુરવઠા માર્ગ ખોરવાઈ ગયો છે અને બુલિયન બજારમાં નવી અસ્થિરતા આવી છે.

શુક્રવારે ચાંદીની કિંમતો પણ રૂ. 1,000 રૂપિયા વધીને રૂ.

...અનુસંધાન પાના 11 પર

## મોદીએ પુટિન સાથે ફોન પર વાત કરી

**ટ્રમ્પની** ધમકીઓ વચ્ચે બંને નેતાઓએ દ્વિપક્ષી સંબંધો વધુ ગાઢ બનાવવા ચર્ચા કરી

**મોદીએ** રશિયન પ્રમુખને ભારત આવવા આમંત્રણ આપ્યું



નવી દિલ્હી, તા ૮(પીટીઆઇ): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાત કરી હતી, જે દરમિયાન બંને નેતાઓએ ભારત અને રશિયા વચ્ચે ખાસ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

પુતિને મોદીને યુક્રેન સાથેના તેમના દેશના ચાલી રહેલા સંઘર્ષ વિશે માહિતી આપી હતી, જેમાં વડાપ્રધાને તેના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારતના સતત વલણનો પુનરોચ્ચાર કર્યો હતો. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયન તેલની ખરીદી અંગે ભારત પર દબાણ વધારવાના પ્રયાસો વચ્ચે બંને નેતાઓ વચ્ચે આ વાતચીત યોજાઈ છે. X પરની એક પોસ્ટમાં મોદીએ કહ્યું, મારા મિત્ર પ્રમુખ પુતિન સાથે ખૂબ જ સારી અને વિગતવાર વાતચીત થઈ. યુક્રેન પરના નવીનતમ વિકાસને શેર કરવા બદલ મેં તેમનો આભાર માન્યો. અમે અમારા દ્વિપક્ષીય કાર્યસૂચિમાં પ્રગતિની પણ સમીક્ષા કરી, અને ભારત-રશિયા વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની અમારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. આ વર્ષના અંતમાં પ્રમુખ પુતિનને ભારતમાં આમંત્રિત કરવા માટે હું આતુર છું એમ મોદીએ કહ્યું હતું. આ 23મી ભારત-રશિયા વાર્ષિક સમિટ હશે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પ્રમુખ પુતિને યુક્રેન સંબંધિત નવીનતમ ઘટના વિકાસ વિશે વડાપ્રધાનને માહિતી આપી હતી. બંને નેતાઓએ દ્વિપક્ષીય કાર્યસૂચિમાં પ્રગતિની પણ સમીક્ષા કરી, અને ખાસ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ આ વર્ષના અંતભાગે પ્રમુખ પુતિનને 23મી ભારત-રશિયા વાર્ષિક સમિટ માટે ભારત આવવા આમંત્રણ આપ્યું હતું.

## રશિયા-અમેરિકા સમિટ પહેલા જિનપિંગ અને પુટિને ફોન પર વાત કરી

**યુક્રેન** યુદ્ધ અંગે અને ટ્રમ્પ અંગે ચર્ચા કરી હોવાના અહેવાલ

બેઇજિંગ, તા. 8(પીટીઆઇ): ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે શુક્રવારે તેમના રશિયન સમકક્ષ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાત કરી હતી, જેમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેન યુદ્ધના ભાવિ માર્ગ પર ચર્ચા કરવામાં આવી હતી.

પુતિનની વિનંતી પર થયેલી આ ફોન કોલ દરમિયાન, રશિયન નેતાએ યુક્રેનિયન કટોકટીની વર્તમાન પરિસ્થિતિ અને રશિયા અને અમેરિકા વચ્ચેના તાજેતરના સંપર્કો અને સંદેશાવ્યવહાર અંગે મોસ્કોના મંતવ્યો રજૂ કર્યા હતા, એમ ચીની વિદેશ મંત્રાલય દ્વારા અહીં જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે. પુતિન પર ટ્રમ્પ દ્વારા ફેબ્રુઆરી 2024 માં રશિયા દ્વારા શરૂ કરાયેલ યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે દબાણ હતું. અમેરિકાના અહેવાલો અનુસાર, ટ્રમ્પ ઇચ્છે છે કે પુતિન શાંતિ કરાર દ્વારા યુદ્ધવિરામ માટે સંમત થાય.

એવા અહેવાલો હતા કે અમેરિકી પ્રમુખ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ પુટિન વચ્ચે ટૂંક સમયમાં સંભવતઃ યુએઇમાં વાતચીત યોજાશે. ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવન વિટકોફ મોસ્કો ગયા પછી શિખર સંમેલન યોજના આવી છે. પુટિન અને જિનપિંગ વચ્ચે વાતચીત દરમ્યાન ઝીએ પુટિન સમક્ષ યુક્રેન યુદ્ધ અંગેની ચીનની લાંબા સમયથની સ્થિતિ સ્પષ્ટ કરી હતી કે શાંતિ મંત્રણાને ઉત્તેજન અપાવું જોઈએ.

## નાણામંત્રીએ લોકસભામાંથી ઈન્કમટેક્સ ખરડો પાછો ખેંચી લીધો

**પ્રવર** સમિતિએ સુચવેલા સુધારા સાથેનું આ ખરડાનું નવું સંસ્કરણ ૧૧મીએ રજૂ કરવામાં આવશે



નવી દિલ્હી, તા. ૮(પીટીઆઇ): નાણા મંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાંથી આવકવેરા ખરડો, ૨૦૨૫ પાછો ખેંચી લીધો છે અને સરકાર આ ખરડામાં પ્રવર સમિતિ દ્વારા સૂચવેલા ફેરફારો ઉમેર્યા પછીની આ ખરડાની સુધારેલી આવૃતિ સાથે આગળ આવશે.

ઈન્કમટેક્સ બિલની નવી આવૃતિ લોકસભામાં ૧૧મી ઓગસ્ટે રજૂ થશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આઇટી ખરડાની સુધારેલી આવૃતિમાં પ્રવર સમિતિની મોટા ભાગની ભલામણો શામેલ કરવામાં આવી છે. બિલના અનેક સંસ્કરણો દ્વારા સર્જાતી મૂંઝવણ ટાળવા અને તમામ ફેરફારોને સમાવિષ્ટ કરીને સ્પષ્ટ અને અપડેટેડ સંસ્કરણ પ્રદાન કરવા માટે, આવકવેરા બિલનું નવું સંસ્કરણ સોમવારે ગૃહમાં વિચારણા માટે રજૂ કરવામાં આવશે એમ સૂત્રોએ જણાવ્યું હતું.

બૈજયંત પાંડાની અધ્યક્ષતાવાળી સિલેક્ટ કમિટીએ ૧૩ ફેબ્રુઆરીએ લોકસભામાં રજૂ કરાયેલા આવકવેરા બિલમાં અનેક ફેરફારો સૂચવ્યા હતા. નીચલા ગૃહમાં રજૂ થયા પછી તરત જ બિલને ચકાસણી માટે પ્રવર સમિતિને મોકલવામાં આવ્યું હતું. નવો આવકવેરા કાયદો છ દાયકા જૂના આવકવેરા અધિનિયમ, ૧૯૬૧નું સ્થાન લેનાર છે. ૩૧ સભ્યોની પ્રવર સમિતિએ ખરડા પર કેટલાક સૂચનો કર્યા હતા. તેણે નવા કાયદામાં ધાર્મિક-સહ-ચેરિટેબલ ટ્રસ્ટોને આપવામાં આવેલા અનામી દાન પર કર મુક્તિ ચાલુ રાખવાની પણ તરફેણ કરી હતી, ઉપરાંત સૂચવ્યું હતું કે કરદાતાઓને કોઈપણ દંડ ચૂકવ્યા વિના ITR ફાઇલિંગની અંતિમ તારીખ પછી પણ TDS રિફંડનો દાવો કરવાની મંજૂરી આપવામાં આવે. નવા બિલમાં સરકારે નોન પ્રોફિટ સંસ્થાઓ (NPOs)ને સંપૂર્ણપણે ધાર્મિક ટ્રસ્ટ હોય તેવા ટ્રસ્ટો દ્વારા પ્રાપ્ત અનામી દાન પર કરમાંથી મુક્તિ આપી છે.

## ભારત જો રશિયન ઓઇલની આયાત બંધ કરે તો ચાલુ નાણાકીય વર્ષમાં તેનું આયાત બિલ ૯ અબજ ડોલર વધી શકે

**આવતા** નાણાકીય વર્ષ સુધીમાં ૧૨ અબજ ડોલર સુધી વધી શકે : એસબીઆઇનો અહેવાલ

મુંબઇ, તા. ૮: જો ભારત ડિસ્કાઉન્ટેડ રશિયન તેલની આયાત બંધ કરે છે, તો નાણાકીય વર્ષ 26 માં દેશનું તેલ આયાત બિલ લગભગ 9 અબજ ડોલર વધી શકે છે અને નાણાકીય વર્ષ 27 સુધીમાં 12 અબજ ડોલર સુધી પહોંચી શકે છે, એમ SBIનો એક અહેવાલ જણાવે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડિસ્કાઉન્ટેડ રશિયન તેલનો અભાવ ભારતની ઈંધણ ખરીદીને વધુ ખર્ચાળ બનાવશે.

યુક્રેન યુદ્ધને કારણે પશ્ચિમી દેશોએ મોસ્કો પર પ્રતિબંધો લાદ્યા પછી, ભારત 2022 થી સસ્તું રશિયન તેલ ખરીદી રહ્યું છે. રશિયન તેલ 60 ડોલર પ્રતિ બેરલની ટોચમર્યાદા હોવાથી હોવાથી અને ડિસ્કાઉન્ટ પર વેચાતા, તેણે ભારતને તેના ઉર્જા બિલમાં મોટી બચત કરવામાં મદદ કરી છે. આ સોદાઓને કારણે, રશિયા ભારતનો ટોચનું ઓઈલ સપ્લાયર બન્યું છે. ભારતની ક્રૂડ ઓઈલ આયાતમાં તેનો હિસ્સો નાણાકીય વર્ષ 20માં માત્ર 1.7% હતો તેના પરથી વધીને નાણાકીય વર્ષ 25 માં 35.1% થયો. હકીકતમાં, નાણાકીય વર્ષ 25 માં ભારત દ્વારા આયાત કરાયેલ 245 મિલિયન મેટ્રિક ટન (MMT) ક્રૂડ ઓઈલમાંથી, 88 MMT એકલા રશિયાથી આવ્યું હતું.

પરંતુ જો ભારત નાણાકીય વર્ષ 26ના મધ્યમાં આ ખરીદી બંધ કરી દે છે, તો SBI નો અંદાજ છે કે આ વર્ષે તેલ આયાત બિલ 9 અબજ ડોલર વધી શકે છે, અને આવતા વર્ષે વૈશ્વિક ભાવમાં વધારો થવાને કારણે સંભવતઃ 11.7 અબજ ડોલર થઈ શકે છે. રશિયા હાલમાં વિશ્વના ક્રૂડ પુરવઠાના 10% પૂરુ પાડે છે. જો અનેક દેશો રશિયા પાસેથી ખરીદી બંધ કરે છે, તો અહેવાલ મુજબ ક્રૂડ તેલના ભાવ લગભગ 10% વધી શકે છે. તે ફક્ત ભારત જ નહીં, પરંતુ દરેકને અસર કરશે. સારા સમાચાર એ છે કે ભારત ફક્ત એક દેશ પર નિર્ભર નથી. તે પહેલાથી જ લગભગ 40 દેશો પાસેથી તેલ મેળવે છે, જેમાં ઇરાક, સાઉદી અરેબિયા અને UAE જેવા પરંપરાગત સપ્લાયર્સનો સમાવેશ થાય છે. આ દેશો વાર્ષિક કરારો ઓફર કરે છે જે ભારતીય રિફાઈનરોને જરૂર પડ્યે વધુ તેલની વિનંતી કરવાની મંજૂરી આપે છે. ગુયાના, બ્રાઝિલ અને કેનેડા જેવા નવા સપ્લાયર્સ પણ ચિત્રમાં પ્રવેશ્યા છે, જેનાથી ભારતને વધુ વિકલ્પો અને સારી ઉર્જા સુરક્ષા મળી છે. રશિયન તેલ વિના પણ, ભારત તેની માંગને પહોંચી વળવા માટે આ હાલના સંબંધો પર આધાર રાખી શકે છે. પરંતુ તેલના ભાવમાં વૈશ્વિક વધારો હજુ પણ દેશના એકંદર આયાત ખર્ચ પર દબાણ લાવશે.

### તા. ૦૮-૦૮-૨૦૨૫નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | 0.0 મીમી | ૫૭૪.૦ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | ૩૪.૦ સે. | ૨૭.૪ સે. | ૫૯% |